**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન) ની તાકીદ ની કારોબારી બેઠક તા.૧૦/૫/૦૮ નાં શનીવારે માંડવી શિક્ષક ભવન માં મળેલ હતી જેમાં થયેલ**
**<u>ચર્ચા. ઠરાવોની કાર્યવાહી નોંધ</u>ઃ—**

**એજન્ડા વિષયઃ ૧. દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન) નું વાર્ષિક સ્નેહ સંમેલન તથા વાર્ષિક સાધારણ સભા બોલાવવા બાબત.**

ઠરાવ નંઃ ૧. દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન) ની રચના થયા ને ૧ વર્ષ અને ત્રણ માસ થયા છે. તા.૨૧/૧/૦૭ પાવાગઢ થી ફેડરેશન ની રચના થઈ અને તા—૧૮/૧૦/૦૭ નાં રોજ ફેડરેશન નું ચેરીટી એકટ અને સોસાયટી અધિનિયમ હેઠળ મદદનીશ ચેરીટી કમિશ્નર શ્રી સુરત ખાતે સ્વૈ.સંસ્થા (N.G.O.) તરીકે નોંધણી કરાવેલ છે.

ફેડરેશન નાં ધારાધોરણ પ્રમાણે નાણાંકિય વર્ષ પૂર્ણ થયા પછી ત્રણ માસ માં વાર્ષિક સાધારણ સભા બોલાવવાની હોય છે. આ જોગવાઈ સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા ને અંતે બારડોલી ચૌધરી સમાજનાં સહયોગ થી બારડોલી ખાતે તા. ૨૫/૫/૦૮ નાં રવિવારે શ્રી સુરત જિલ્લા લેઉઆ પાટીદાર સમાજ ,સાંસ્કૃતિક સંસ્કાર વિધી ક્ષેત્ર,સુરત,ધુલિયારોડ નેશનલ હાઈવે નં.૬, બારડોલી. (અગાસી માતાનાં મંદિર સામે) રિલાયન્સ પેટ્રોલ પંપ નજીક.સ્થળે ફેડરેશનનું વાર્ષિક સ્નેહ સંમેલન તથા વાર્ષિક સાધારણ સભા બોલાવવા નું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. જેમાં નીચે મુજબ કાર્યક્રમ નકકી કરવામાં આવ્યો.

(૧) પ્રાર્થના
(૨) દિપ પ્રાગટય
(૩) નામી.અનામી સમાજનાં દિવંગત સભ્યોને શ્રÂધાંજલી (બે મીનિટ મૌન)
(૪) નું પુષ્પ ગુચ્છ થી મહેમાનો નું સ્વાગત
(૫)ફેડરેશનની રૂપરેખા નું પેઝન્ટેશન —પ્રમુખશ્રી

**:ભોજન અવકાશ:**

(૬)સને.૨૦૦૬–૦૭ (૨૧/૧/૦૭ થી ૩૧/૧/૨૦૦૭) તથા ૧/૪/૨૦૦૭ થી ૩૧/૩/૨૦૦૮ સુધી નાં હિસાબોનું વંચાણ તથા બહાલ રાખવા બાબત

(૭) તા–૨૧/૧/૦૭ થી ૩૧/૩/૦૮ સુધી માં ફેડરેશન ની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધો વંચાણે લઈ બહાલ રાખવા બાબત.

(૮)નવા વર્ષ નું અંદાજપત્ર રજુ કરવા બાબત.

(૯)ભાવિ કાર્યક્રમો ની ચર્ચા વિચારણાં કરવા બાબત

(૧૦) સભ્યો એ અગાઉ થી મંજુરી મેળવીને રજુ રેલા મુÂદાઓ ની ચર્ચા મહાનુભાવો નાં પ્રવચનો.

વાર્ષિક સ્નેહ સંમેલન તથા વાર્ષિક સાધારણ સભામાં કયા મહાનુભાવો ને બોલાવવા તે નકકી કરવામાં આવ્યું.

૧.ર્ડા.તુષારભાઈ.એ.ચૌધરી –માન.સાંસદશ્રી માંડવી મતવિસ્તાર
૨.શ્રી નગીનભાઈ .પી.પાવાગઢી –નિવૃત(આઈ.એ.એસ)
૩.શ્રી જે.સી.ચૌધરી – મુખ્ય ઈજનેરશ્રી(સિંચાઈ વિભાગ)
૪.શ્રી નિલેશ કે પટેલ –મુખ્ય ઈજનેરશ્રી(માર્ગ અને મકાન વિભાગ)
૫.શ્રી નાનસિંગભાઈ.એ.ચૌધરી –(ડી.એફ.ઓ.)
૬.શ્રીરામસીગભાઈ.આર.ચૌધરી – (માર્કેટીંગ મેનેજર આઈ.ઓ.સી.)

→આ વાર્ષિક સાધારણ સભા હોઈ સમાજનાં પ્રમુખ જ આ સભાનાં પ્રમુખ રહેશે.

→અગાઉની તમામ બેઠકોમાં હાજર રહેલા સમાજનાં તમામ સભ્યો ને આમંત્રણ આપવું

→નોંધાયેલા આજીવન સભ્યો ને ફાઈલ આપવી.

→અંદાજીત ૫૦૦ સભ્યો માટે રસોઈ બનાવવી.

→દાળ,ભાત શાક,લાપછી,ખમણનું મેનુ રાખવું

→દરેક કારોબારી સભ્ય એ રૂ ૫૦૦ જમાં કરાવવા તથા મહાનુભાવો પાસેથી ભોજન ખર્ચ પેટે દાન એકત્ર કરવું.

→બહોળી પ્રસિÂધી માટે પ્રેસનોટ પણ આપવી.

**એજન્ડા.નં:–૨ પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવા મુધ્ધાઓની ચર્ચા કરવા બાબત.**

ઠરાવ નં.૨:– શ્રી સવીનભાઈ છીપાભાઈ ચૌધરી મું. વાંસકુઈ તા. બારડોલી જિ.સુરત નું તા. ૨૨/૪/૦૮ નાં રોજ શોર્ટ સરકિટ થી ઘર બળી જતાં આપણા સમાજનાં સભ્યનું પરિવાર દયનિય પરિથિતી માં મુકાઈ ગયેલ હતું આ પરિવાર ને સાંત્વનાં આપવા તથા આપણાં ફેડરેશન ની આપત્તિ વ્યવસ્થાપન ની જોગવાઈ મુજબ પ્રમુખ અને મહામંત્રીશ્રી સંતપ્ત પરિવાર ને રૂ.૧૦,૦૦૦/ નાં ચેક થી સહાય પુરી પાડી છે. જેને આજની સભા નોંધ લઈ સર્વાનુમતે બહાલી આપે છે.

ઠરાવ નં.૩:– ફેડરેશન નાં વાર્ષિક હિસાબો ચાર્ટડ એકાઉન્ટ પાસે ઓડીટ કરાવવા બાબત.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશન એ મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રી સુરત મારફતે નોંધાવેલ સ્વૈ.સસ્થા (N.G.O) હોઈ ધારા ધોરણ મુજબ ચાર્ટર્ડ એકાઉન્ટ પાસે હિસાબો ઓડીટ કરાવવા નાં થાય છે.તે મુજબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી એમ.જે. ખીલાવાલા સુરત મારફતે હિસાબો ઓડીટ કરાવવાનું તથા પ્રર્વતમાન નિયમોનુસાર ફી ચુકવવા નું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું

ઠરવા નં:–૪ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન)માં તાલુકા યુનિટો સક્રિય કરવા માટે ગ્રામ સમિતીઓની નોંધણી કરવા ની કામગીરી હાથ ધરવામાં આવી છે.જેને વેગવાન બનાવી ગ્રામસમિતી ઓની નોંધણીની કાર્યવાહી કરવા નીચે મુજબનાં ફેડરેશન નાં હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને જેતે તાલુકાનાં પ્રભારીની જવાબદારી સોંપવાનુ સર્વાનુમતે નકકી કરવામાં આપ્યું

આ કામગીરી ૩૧–૧૨–૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું પણ ઠરાવવામાં

આવ્યું.

એજન્ડા ઉપરનાં કામો પૂર્ણ થતા પ્રમુખશ્રીએ બેઠક સમાપ્ત જાહેર કરી

| | |
|---|---|
| **પ્રમુખ** | **મહામંત્રી** |
| **દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન** | **દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન** |